| | | | | | |
|---|---|---|---|---|---|
| 0GJBK130008992020 | | કેસ રજુ તારીખ | ૧૪/૦૯/૨૦૨૦ | | |
| | | કેસ દાખલ તારીખ | ૧૪/૦૯/૨૦૨૦ | | |
| | | ફેસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૯ | ૦૮ |

**આંક –૨૪**

## ફોર્મ–એ

| | |
|---|---|
| **દાંતીવાડાના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. દાંતીવાડા.** | |
| **ચુકાદાની તારીખ :– ૨૨–૦૬–૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. :– ૮૬૦/૨૦૨૦**<br>**પાંથાવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૫૦૨૦/૨૦૧૭**<br>**ગુન્હો :– ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫.એ.ઈ., ૯૮, ૯૯, ૮૩, ૮૧ મુજબ...** | |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર |
| **રજુ મારફતે :–** | **વિ.સ્પે.પી.પી.શ્રી,બી.આર.સોંલકી** |
| **આરોપી :–** | **નમીન્દ સ/ઓ જશવંત જાતે–જાટ**<br>**ઉ.વ.૩૫, ધંધો–ખેતિ, રહે.બેરલા, તા.ચીડાવા, જી.જુજુનૂ(રાજસ્થાન)** |
| **રજુ મારફતે :–** | –– |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૭–૦૨–૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૧૭–૦૨–૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | : | ૧૪/૦૯/૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | : | –– |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૧–૦૮–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | –– |
| ચુકાદાની તારીખ | : | ૨૨/૦૬/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | -- |

## આરોપીની વિગત

| નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં. ની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નમીન્દ સ/ઓ જશવંત જાતે-જાટ | ૧૭-૦૮-૨૦૨૦ | ૧૭-૦૮-૨૦૨૦ | ઉપર મુજબ | નિર્દોષ | -- | -- |

## ફોર્મ-સી

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**

**(એ) ફરીયાદ પક્ષ :-**

| ક્રમ | આંક | પુરાવાનો પ્રકાર | નામ |
|---|---|---|---|
| ૧ | ૪ | ફરિયાદી | ફતાભાઈ ચેલાભાઈ ની જુબાની |
| ૨ | ૮ | સાહેદ | મકુભા ઘેમરસિંહ ની જુબાની |
| ૩ | ૯ | સાહેદ | કિરિટકુમાર વાસુદેવભાઈ ની જુબાની |
| ૪ | ૧૦ | સાહેદ | રણજીતસિંહ અંદરસિંહ ની જુબાની |
| ૫ | ૧૧ | સાહેદ | અનોપસિંહ નટવરસિંહ ની જુબાની |
| ૬ | ૧૨ | ત.ક.અ | મોહોમંદફિરોજ મહોમંદ ઉસ્માન કુરેશી ની જુબાની |
| ૭ | ૧૪ | ત.ક.અ | ફૈઝમહંમદ ઈનાયતખાન ની જુબાની |
| ૮ | ૧૬ | સાહેદ | હરેશકુમાર દેવાભાઈ ની જુબાની |
| ૯ | ૧૭ | ત.ક.અ | જે.બી.વનાર ની જુબાની |
| ૧૦ | ૨૨ | પંચ | નારણસિંહ ગંગારસિંહ ની જુબાની |

**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત દ્વારા સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત દ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫ | ફરિયાદની નકલ |
| ૨ | ૬ | પંચ સાહેદ હેમંતભાઈના મરણનો દાખલો |
| ૩ | ૧૩ | આર.સી.બુક ની નકલ |
| ૪ | ૧૮ | સૂચી પત્રક |
| ૫ | ૧૯ | લેખિત રીપોર્ટ |
| ૬ | ૨૦ | રવાનગી પત્રકની ખરી નકલ |
| ૭ | ૨૩ | પંચનામું |

**(બી) બચાવ પક્ષ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત દ્વારા :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(ડી) મટીરીયલ ઓબ્જેકટસ :–**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોતમદારોએ તા.૧૭/૦૨/૨૦૧૭ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોજે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ ઉપર એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા હેઠળની ટ્રક નંબર RJ.18.GB.2409 માં તેમજ ટ્રકમાં ભરેલ મીની બસ નંબર HR.46.A.3794 માં ગે.કા. વગર પાસ પરમીટે પર પ્રાંતિય વિદેશી દારૂ કુલ પેટી નંગ– ૬૦ બોટલ નંગ– ૧૦૩૬ કિમત રૂપિયા ૭,૩૮,૪૦૦ /– નો તથા ટ્રક ગાડી કિમત રૂ.૧૨,૦૦,૦૦૦/– તથા ટ્રકમાં ભરેલ મીની બસ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– તથા રોકડ કલમ– ૧૫૦૦/– તથા મોબાઇલ નંગ–૧ કિમત રૂપિયા ૫૦૦/– તથા ગાડીના સાધનિક કાગળો કિમત.રૂપિયા ૦૦/૦૦ એમ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૪૦,૪૦૦/– ના મુદામાલ સાથે હેરા ફેરી કરી ગુજરાત રાજયમાં લઇ આવતાં પોલીસ નાકાબંધી દરમ્યાન ચાલક પકડાઇ જઇ ટ્રક માલિક પાછળથી પકડાઇ જઇ , ગુનો કરેલ છે.

**(૨)** આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે **પાંથાવાડા** પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસે **પાંથાવાડા પો. સ્ટે. પ્રોહી. ગુ. રજી. નં.૫૦૨૦ /૨૦૧૭** થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫.એ.ઈ., ૯૮, ૯૯, ૮૩, ૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૩)** આ કામે આરોપી સામેનો કેસ જુનો છે અને લાંબા સમયથી આરોપીની હાજરી મેળવી શકાતી નથી. આ કામે સમન્સ અને વોરંટો કાઢવા છતાં અને સદર આરોપીની હાજરીમેળવવા માટેના શુધ્ધબુધ્ધિપુર્વકના પ્રયત્નો કરવા છતાં આ કામે સદર આરોપીની હાજરી મેળવી શકાયેલ નથી અને નજીકના ભવિષ્યમાં આરોપીની જાત હાજરી મળી શકે તેવા સંજોગો જણાતા નથી અને તેથી હાલના કેસના સદર આરોપી નાસતા ફરતા હોવાનું માનવાને કારણ રહે છે. આ કેસ જુનો છે અને તે સંજોગોમાં સદર આરોપીની ગેરહાજરીમાં જો ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષિત કરી લેવો ન્યાયોચિત જણાય છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૯૯ ની આ જોગવાઈ અનુસાર જયારે કોઈ આરોપી નાસતો ફરતો હોય અને તે નજીકના ભવિષ્યમાં મળી

આવે તેવા સંજોગો ન હોય ત્યારે ફરીયાદપક્ષનો પુરાવો નોંધી શકાય તેવો પ્રબંધ કરવામાં આવેલ છે. હાથ પરના કેસના સંજોગોમાં અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૯૯ ની જોગવાઈ અને આ કલમ બનાવવા પાછળનો હેતુ ધ્યાને લેતાં, હાલના કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ આંક−૧ નીચે તા. ૨૩−૦૭−૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૫) પુરાવાના તબકકે આ કામે ફરીયાદપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. જેની વિગતે ચર્ચા મુદ્દાના નિર્ણયોના કારણોમાં કરવામાં આવેલ છે. તે બાદ ફરીયાદપક્ષની મૌખિક રજુઆતથી પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ક−૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ. ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લઈ શકેલ નથી.

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

***:: મુદ્દા ::***

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોતમદારોએ તા.૧૭/૦૨/૨૦૧૭ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોજે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ ઉપર એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા હેઠળની ટ્રક નંબર RJ.18.GB.2409 માં તેમજ ટ્રકમાં ભરેલ મીની બસ નંબર HR.46.A.3794 માં ગે.કા. વગર પાસ પરમીટે પર પ્રાંતિય વિદેશી દારૂ કુલ પેટી નંગ− ૬૦ બોટલ નંગ− ૧૦૩૬ કિમત રૂપિયા ૭,૩૮,૪૦૦ /− નો તથા ટ્રક ગાડી કિમત રૂ.૧૨,૦૦,૦૦૦/− તથા ટ્રકમાં ભરેલ મીની બસ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/− તથા રોકડ કલમ− ૧૫૦૦/− તથા મોબાઈલ નંગ−૧ કિમત રૂપિયા ૫૦૦/− તથા ગાડીના સાધનિક કાગળો કિમત.રૂપિયા ૦૦/૦૦ એમ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૪૦,૪૦૦/− ના મુદામાલ સાથે હેરા ફેરી કરી ગુજરાત રાજયમાં લઇ આવતાં પોલીસ નાકાબંધી દરમ્યાન ચાલક પકડાઇ જઇ ટ્રક માલિક

પાછળથી પકડાઇ જઇ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫.એ.ઈ., ૯૮, ૯૯, ૮૩, ૮૧ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

***:: <u>નિર્ણયો</u> ::***

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં. ૧</u>**

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૦૪ થી ફરિયાદી ફતાભાઈ ચેલાભાઈ ને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરિયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૫ થી રજુ કરેલ ફરીયાદની હકીકત મુજબનો પુરાવો આપેલ છે.

આ કામે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ક–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ,ઉ.ત. લેવામાં આવેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૮ થી સાહેદ મકુભા ઘેમરસિંહ તથા આંક–૯ થી કિરિટકુમાર વાસુદેવભાઈ તથા આંક–૧૦ થી રણજીતસિંહ અંદરસિંહ તથા આંક–૧૧ થી અનોપસિંહ નટવરસિંહ તથા આંક–૧૬ થી હરેશકુમાર દેવાભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ તેઓની સોંગદ પરની જુબાનીમાં ફરિયાદ હકીકત મુજબનો પુરાવો આપેલ છે.

આ કામે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ક–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉ.ત. લેવામાં આવેલ નથી

**(૧૨)** ફરીયાદપક્ષે આ કામે આંક–૨૨ થી પંચ સાહેદ નારણસિંહ ગંગારસિંહ દેવડાને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદનો પૂરાવો જોતાં તેઓએ તેમની જુબાનીમાં રજૂ પંચનામાની હકીકત ને સમર્થન કરતા ના હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ

છે, જયારે આ પંચ સાહેદની વિગતવારની ઉંડાણ પુર્વક સુચક પ્રશ્નો દવારા ઉલટ તપાસ કરેલ તેમ છતાં તેઓએ પંચનામાની વિગતને સમર્થન આપેલ નથી.

આ કામે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ક–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ,ઉ.ત. લેવામાં આવેલ નથી.

**(૧૩)** ફરિયાદપક્ષે આંક–૧૨ થી ત.ક.અ. થી મંહોમદફીરોજ મંહોમદઉસ્માન કુરેશી તથા આંક–૧૪ થી ત.ક.અ. થી ફૈઝમંહમદ ઈનાયતખાન તથા આંક–૧૭ થી જે.બી.વનારને તપાસવામાં આવેલા છે. આ સાહેદ કે જેઓ સદરહુ ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારીઓ છે. તેઓએ પોતાની જુબાનીમાં તેઓએ તેમની ફરજની રુઈએ કરેલ કાર્યવાહીઓનું વર્ણન કરી રહયા છે પરંતુ, આ સાહેદ કહેવાતી ગુનાહિત ઘટનાના સંદર્ભમાં કોઈ જાત માહિતી ધરાવતા ન હોઈ તેઓનો પુરાવો ઔપચારીક સ્વરુપનો છે અને અન્ય વિસ્વાસ પાત્ર પુરાવાના અભાવે ખાસ ઉપયોગી નથી.

આ કામે આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.ક–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોઈ ઉ.ત. લેવામાં આવેલ નથી.

**(૧૪)** આ કામે પંચ સાહેદ– હેમાભાઈ ખુબાજી સોંલકી ને સમન્સ/વોરંટની પ્રોસેસ કાઢતા પંચ સાહેદ મરણ ગયેલ હોવાનું જાણવા મળેલ જેનો મરણનો દાખલો આંક–૬ થી રજૂ રાખેલ છે.

**(૧૫)** સદરહું કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતાં, આ કામે પંચ સાહેદ રૂબરૂ આરોપીનાં કબજાવાળા વાહનમાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂ મળી આવેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ પંચ સાહેદની હાજરીમાં મુદ્દામાલ રીકવર થયેલાની હકીકતને તથા મુદ્દામાલ રીકવરી પંચનામું થયેલાની હકીકતનો પંચ સાહેદએ ઈન્કાર કરેલ છે. આમ, જયારે પંચ સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત્યારે આ કામે પોલીસ સાહેદોનો પુરાવો લેવામાં આવેલ છે. તે જ રીતે સદર કામે આરોપી સામે આક્ષેપિત ચાર્જશીટ ધ્યાને લેતાં, તેમાં ફરિયાદપક્ષે સાહેદો તરીકે માત્ર પોલીસ સાહેદોને જ લેવામાં આવેલ છે. આ કામે પોલીસ સાહેદો પોલીસ કર્મચારી હોય ફરિયાદપક્ષને સમર્થનકારક પુરાવો આપે છે, પરંતુ સદર પોલીસ સાહેદોની હકીકતને સ્વતંત્ર

સાહેદોનો પુરાવો રજુ કરાવી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન અપાવેલ નથી તેમજ પંચ સાહેદની જુબાનીથી પણ સમર્થન મળેલ નથી.

જયારે ફરિયાદપક્ષનાં કેસમાં આરોપીઓનાં કબજા ભોગવટા વાળા વાહનમાંથી ગેરકાયદેસર અને પાસ પરમીટ વગર વિદેશી દારૂની બોટલો મળી આવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય, સ્થળ ધ્યાને લેતાં, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદપક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી.

વધુમાં આરોપીઓ વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર વિદેશીદારૂની બોટલોની બોટલો રાખવાનો કેસ હોવા છતાં પંચ સાહેદનો પુરાવો જોતાં, તપાસ કરનાર અમલદાર આ કામનાં આરોપીઓનાં કબજામાંથી મળી આવેલ વિદેશી દારૂ જ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી. ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ મળ્યાનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ વાહન આરોપીના માલીકી કબજા ભોગવટાનું હોવા બાબતે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આરોપીની ઓળખ બાબતે પણ શંકા છે. જેથી મુદ્દામાલ ગેરકાયદેસર મળી આવવા બાબતે ફરિયાદપક્ષે પુરાવો રજુ થયેલ નથી.

ઉપરોકત તમામ સંજોગોમાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય આવે છે. આ તબકકે નામદાર વડી અદાલત ધ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા ઘટે કે, જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોનાં તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, જયારે ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર વિદેશી દારૂની બોટલો મળી આવ્યાનો કેસ હોય તેમજ મુદ્દામાલ રીકવરી પંચનામામાં પંચ સાહેદ પોતાની હાજરીમાં પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરતા હોય તેમજ પોલીસ ધ્વારા ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ હોય, ફરિયાદપક્ષ

આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાનું હું ઠરાવું છું. તેથી તેનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -// **હુકમ** //-

(૧) આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૫.એ.ઈ., ૯૮, ૯૯, ૮૩, ૮૧ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં ક્રિ.પ્રો.કો.કલમ : ૪૩૭(એ) મુજબના જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધી વધારવામાં આવે છે.

(૩) મુદ્ધામાલ પ્રોહી.નો અપીલ સમય વિત્યે નાશ કરવો જયારે મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવા કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે માલિકી અંગેની ખરાઈ કરી પરત કરવુ.

(૪) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ ૨૪૬ મુજબ હુકમનો ટુંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

આ ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

(એન.વી.ગુપ્તા)
જયુ.મેજી.ફ.ક.,દાંતીવાડા
કોડ નં.જી.જે.૦૧૬૫૦